



# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૯ * * * સંવત ૨૦૮૨ કારતક વદ છઠ, સોમવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


### ગુજરાત ATS દ્વારા ગાંધીનગરના અડાલજ પાસેથી ત્રણ જેહાદી ત્રાસવાદીની ધરપકડ, 17મી સુધી રિમાન્ડ પર

# ISISના ત્રાસવાદીઓનું ઝેરીલું કાવતરું ઝડપાયું

**હૈદરાબાદના** ડોક્ટર અને ઉત્તરપ્રદેશથી આવેલા તેના બે સાગરિતોને એટીએસે હથિયારો સાથે ઝડપી લીધા

**ઝડપાયેલો** ડોક્ટર મોટા આતંકવાદી હુમલાને અંજામ આપવા માટે રિસિન નામનું ઘાતક ઝેર તૈયાર કરતો હતો

**ISIS સાથે** સંકળાયેલા આરોપીઓએ લખનૌ, દિલ્હી અને અમદાવાદમાં અનેક સંવેદનશીલ સ્થળોની રેકી કરી હતી

**ગાંધીનગર, તા. 09 :** ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા કથિત રીતે અત્યંત ઘાતક રાસાયણિક ઝેર 'રિસિન' તૈયાર કરી રહેલા ચાઈનીઝ એમબીબીએસ ડિગ્રી ધરાવતા એક ડોક્ટરની ધરપકડ કરીને એક શંકાસ્પદ આતંકવાદી સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે, તેની સાથે અન્ય બેની પણ ધરપકડ કરવામાં આવી છે. તેમનો હેન્ડલર ઈસ્લામિક સ્ટેટ ખોરાસાન પ્રાંત સાથે સંકળાયેલ છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ કથિત રીતે આયોજિત આતંકવાદી હુમલાઓમાં ઉપયોગ માટે એરંડામાંથી મેળવેલ અત્યંત ઘાતક ઝેર, રિસિન વિકસાવી રહ્યા હતા.

એટીએસ દ્વારા ધરપકડ કરાયેલા આઈએસઆઈએસ સાથે સંકળાયેલા ત્રાસવાદીઓમાં ડૉ.અહેમદ મોહિયુદ્દિન સૈયદ ( રહે-હૈદરાબાદ), આઝાદ સુલેમાન શેખ (રહે-ઉત્તર પ્રદેશ ) અને મોહમ્મદ સુહેલ મોહમ્મદ સલીમખાન (રહે-ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે. ગુજરાત ATS ના DIG સુનિલ જોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે સૈયદ મોટા આતંકવાદી હુમલાને અંજામ આપવા માટે રિસિન નામનું અત્યંત ઘાતક ઝેર તૈયાર કરી રહ્યો છે. તેણે જરૂરી સંશોધન શરૂ કરી દીધું હતું, સાધનો અને કાચો માલ મેળવ્યો હતો અને પ્રારંભિક રાસાયણિક પ્રક્રિયા શરૂ કરી દીધી હતી.

ATSના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીને મળેલી ગુપ્ત માહિતીના આધારે પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ શરૂ કર્યું હતું. માહિતી મુજબ આરોપી અમદાવાદ ખાતે આતંકી હુમલાની તૈયારીમાં હતો. ATSએ ટીમ બનાવી અમદાવાદ-મહેસાણા હાઈવે પર અડાલજ ટોલપ્લાઝા નજીક એક સિલ્વર રંગની ફૉર્ડ ફિગો કાર રોકી હતી. તપાસ દરમિયાન કારમાંથી બે ગ્લોક પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ, 30

...અનુસંધાન પાના 2 પર



### ડો અહમદ સૈયદ રિસિન સાઈનાઈડ બનાવવાનો એક્સપર્ટ છે

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે,અડાલજ ટોલ નાકાથી એક કારમાં એક જેહાદી મળ્યો હતો. જેની પાસેથી એક પિસ્ટલ, ચાર લીટર લિક્વીડ અને કારતુસ મળી આવ્યા છે. હૈદરાબાદનો ડો. અહમદ મોહિનૂદીન સૈયદ જીલાણીએ ચીનથી ડોક્ટરેટની પદવી મેળવેલી છે. તેમજ ઘણી બધી ભાષાના જાણકાર છે. ડો અહમદ સૈયદ પરત હૈદરાબાદ જવાનો હતો. તે રિસિન સાઈનાઈડ બનાવવાનો એક્સપર્ટ છે. તે ફંડની કામગીરી કરતો હતો. ફંડ માટે જ કલોલ જવાનુ હતું. તપાસમાં સામે આવ્યું છે કે, હથિયાર રાજસ્થાનના માનગઢથી લાવવામાં આવ્યા હતા. હનુમાનગઢ ભારત પાકિસ્તાનના બોર્ડર નજીકનો વિસ્તાર છે.

### રિસિન ઝેર માટે કોઇ એન્ટીડોટ નથી

રિસિન માટે કોઈ એન્ટિડોટ અસ્તિત્વમાં નથી. તાત્કાલિક તબીબી સંભાળ ખૂબ જ મહત્વપૂર્ણ છે. રિસિન ઝેરની સારવાર પીડિતને સહાયક સંભાળ આપીને કરવામાં આવે છે જેથી ઝેરની અસરો ઓછી થાય. સંભાળમાં પીડિતને શ્વાસ લેવામાં મદદ કરવી અને હુમલા અને લો બ્લડ પ્રેશરની સારવાર માટે નસમાં પ્રવાહી અને દવાઓ આપવી શામેલ હોઈ શકે છે.

### એરંડાના બીજમાંથી બનતું રિસિન રાસાયણીક ઝેર છે

રિસિન એક રાસાયણિક ઝેર છે અને એરંડાના બીની પ્રક્રિયામાંથી બચેલા કચરામાંથી બનાવી શકાય છે. બીજને કચડી નાખ્યા પછી બચેલા ઘન કચરામાં વજન પ્રમાણે 5% સુધી રિસિન હોઈ શકે છે. દરેક રિસિન પરમાણુ એક મિનિટમાં 2000 રિબોઝોમને નિષ્ક્રિય કરી શકે છે અને એવો અંદાજ લગાવવામાં આવ્યો છે કે રિસિનનો એક પરમાણુ કોષને મારવા માટે પૂરતો છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, ફ્રાન્સ, યુકે, કેનેડા, જાપાન અને રશિયાએ રિસિનના હથિયાર તરીકે ઉપયોગની તપાસ કરી હતી .

### રિસિન ઝેર શ્વાસ વડે, ઇન્જેક્શન અને ત્વચાના છીદ્રોથી શરીરમાં જઇ શકે

મોટી માત્રામાં રિસિન મિસ્ટ અથવા પાવડર શ્વાસમાં લેવાથી તે જીવલેણ બની શકે છે. રિસિનના ગોળીઓ અથવા પ્રવાહીમાં ઓગળેલા રિસિનને લોકોના શરીરમાં ઇન્જેક્ટ કરી શકાય છે. ચોક્કસ રસાયણો સાથે ભેળવવામાં આવે ત્યારે રિકિન ત્વચા દ્વારા અથવા ખુલ્લા ઘા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે. જેનાથી થોડા કલાકોમાં, લોકોને શ્વાસ લેવામાં તકલીફ, તાવ, ઉધરસ, ઉબકા અને છાતી જકડાઈ જવાનો અનુભવ થઈ શકે છે. લોકો ગંભીર ડિહાઇડ્રેશનનો અનુભવ પણ કરી શકે છે,

### સુરતની ધરતી પર ફર્સ્ટક્લાસ ક્રિકેટ ઇતિહાસમાં એક સાથે બે નવા રેકોર્ડ બન્યા

# સુરતમાં આઠ બોલમાં આઠ છગ્ગા અને સૌથી ઝડપી અર્ધ સદીના વર્લ્ડ રેકોર્ડ બન્યા

**મેઘાલયના** આકાશે 11 બોલમાં અર્ધસદી ફટકારી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ પણ તોડ્યો

**ફર્સ્ટક્લાસ** ક્રિકેટમાં ગેરી સોબર્સ અને રવિ શાસ્ત્રી પછી એક ઓવરમાં છ છગ્ગા ફટકારનારો આકાશ ત્રીજો ખેલાડી

**અરુણાચલ** પ્રદેશના બોલર લીમર ડાબીને તેની કેરિયરની માત્ર ત્રીજી જ મેચમાં એક ઓવરમાં છ છગ્ગા પડ્યા

**સુરત, તા. 9 :** સુરતમાં ભીમપોર સ્થિત સી કે પીઠાવાલા સ્ટેડિયમ પર રવિવારે ક્રિકેટ ઇતિહાસમાં એક સાથે બે નવા રેકોર્ડ બન્યા હતા. મેઘાલયના આકાશ કુમાર ચૌધરીએ રણજી ટ્રોફી પ્લેટ ગ્રુપ મેચમાં અરુણાચલ પ્રદેશ સામે માત્ર 11 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી, અને સૌથી ઝડપી ફર્સ્ટ ક્લાસ અડધી સદીનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. 25 વર્ષીય જમણેરી બેટ્સમેને ઈંગ્લેન્ડના વેઇન વ્હાઇટનો 12 બોલમાં અડધી સદી ફટકારવાનો પાછલો વિશ્વ રેકોર્ડ તોડ્યો. આ ઉપરાંત તે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સતત 8 બોલમાં 8 છગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન પણ બન્યો છે.



**ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ**

| ખેલાડી | ટીમ | હરીફ | સ્થળ | બોલ | વર્ષ |
|---|---|---|---|---|---|
| આકાશ ચૌધરી | મેઘાલય | અરૂણાચલ પ્રદેશ | સુરત | 11 | 2025 |
| વેન વ્હાઇટ | લીસેસ્ટરશર | એસેક્સ | લીસેસ્ટર | 12 | 2012 |
| માઈકલ વેન વુરેન | ઈસ્ટર્ન પ્રોવિંસ | ગ્રિકુઆલેંડ વેસ્ટ | ક્રેડોક | 13 | 1984 |
| નેડ એકર્સલી | લીસેસ્ટરશર | એસેક્સ | લીસેસ્ટર | 14 | 2012 |
| બંદેવ સિંહ | જમ્મુ કાશ્મીર | ત્રિપુરા | અગરતલા | 15 | 2015 |

**ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એક ઓવરમાં 6 છગ્ગાનો રેકોર્ડ**

| ખેલાડી | દેશ | ટીમ | હરીફ | વર્ષ |
|---|---|---|---|---|
| ગેરી સોબર્સ | વેસ્ટઈન્ડિઝ | નોટિંઘમશર | ગ્લેમોર્ગન | 1968 |
| રવિ શાસ્ત્રી | ભારત | મુંબઇ | બરોડા | 1985 |
| અકાશ ચૌધરી | ભારત | મેઘાલય | અરૂણાચલ | 2025 |

**આકાશ ચૌધરીની 11 બોલમાં અર્ધસદી બોલ બાય બોલ**

| બોલ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રન | 0 | 1 | 1 | 6 | 6 | 6 | 6 | 6 | 6 | 6 | 6 |

જ્યારે આકાશ આઠમા ક્રમે બેટિંગ કરવા આવ્યો ત્યારે મેઘાલયે છ વિકેટ ગુમાવી 576 રન બનાવ્યા હતા. જોકે, આકાશે તરત જ બેટિંગમાં પોતાનું પ્રભુત્વ દેખાડવાનું શરૂ કર્યું. તેણે સતત 8 બોલમાં 8 છગ્ગા ફટકાર્યા, જેમાંથી 6 છગ્ગા બોલર લીમર ડાબીની એક જ ઓવરમાં ફટકાર્યા, ડાબીની ફર્સ્ટક્લાસ કેરિયરની આ માત્ર ત્રીજી જ મેચ હતી. આ દૃશ્ય ટી-20 મેચોમાં પણ દુર્લભ છે. આકાશ 14 બોલમાં 50 રન બનાવીને નોટઆઉટ રહ્યો અને તેની ઇનિંગની મદદથી મેઘાલયે 6 વિકેટે 628 રન બનાવીને દાવ ડિકલેર કર્યો.

આ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટના ઈતિહાસની સૌથી ઝડપી અડધી સદી છે. તેણે ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ લેવલે દાયકાઓ જુના રેકોર્ડને તોડ્યો હતો. ભારતીય ખેલાડીઓમાં આ પહેલાં જમ્મુ કાશ્મીરના બંદેવ સિંહનો 15 બોલમાં અડધી સદી બનાવવાનો રેકોર્ડ હતો. આકાશ રવિ શાસ્ત્રી બાદ પ્રથમ ખેલાડી છે જેણે રણજી ટ્રોફીની કોઈ મેચમાં એક ઓવરમાં 6 છગ્ગા ફટકાર્યા હોય અને ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ગેરી સોબર્સ અને રવિ શાસ્ત્રી પછી આવું પરાક્રમ કરનારો તે ત્રીજો ખેલાડી રહ્યો છે.

...અનુસંધાન પાના 2 પર

## શાંઘાઈ-દિલ્હી ફ્લાઇટ ચાઇના ઇસ્ટર્ને સંપૂર્ણ ક્ષમતા સાથે શરૂ કરી

**પાંચ વર્ષના** ગાળા પછી ભારત માટે સીધી ફ્લાઇટ શરૂ કરનાર ચાઇના ઇસ્ટર્ન પ્રથમ ચાઇનીઝ એરલાઇન બની

**બેઈજિંગ, તા. 9 (PTI) :** ચાઇના ઈસ્ટર્ન એરલાઈન્સે રવિવારે તેની શાંઘાઈ-દિલ્હી સેવા 95 ટકા સીટો સાથે શરૂ કરી, જે પાંચ વર્ષના અંતરાલ પછી ભારત માટે સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરનાર આ વર્ષે પ્રથમ મુખ્ય ભૂમિ ચીની એરલાઈન બની ગઈ છે. સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે, 248 મુસાફરોને લઈને ફ્લાઈટ એમયુ563 શાંઘાઈ પુડોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી દિલ્હી માટે રવાના થઈ હતી.

ભારતીય એરલાઇન ઇન્ડિગો 10 નવેમ્બરથી તેની દૈનિક દિલ્હી-ગુઆંગઝોઉ સેવા શરૂ કરશે. અહેવાલમાં જણાવાયું છે કે, ચાઇના ઈસ્ટર્ન 2025માં ચીન અને ભારત વચ્ચે સીધી પેસેન્જર ફ્લાઇટ્સ ફરી શરૂ કરનારી પ્રથમ ચીની મુખ્ય ભૂમિ-આધારિત એરલાઇન બની છે. એમ અહેવાલમાં જણાવાયું છે. શાંઘાઈ-દિલ્હી ફ્લાઈટે 95 ટકાથી વધુ લોડ ફેક્ટર પ્રાપ્ત કર્યું છે. અહેવાલમાં જણાવાયું છે

...અનુસંધાન પાના 2 પર

# સમગ્ર કાશ્મીર ખીણમાં ત્રાસવાદ વિરોધી દરોડાઓ : 9ની અટકાયત

**ઓનલાઇન** ત્રાસવાદી નેટવર્ક સામે CIKની સઘન કાર્યવાહીઃ સીમ કાર્ડ્સ, ટેબ્લેટો, ડીજીટલ સાધનો કબજે

**શ્રીનગર, તા. 9 (PTI):** રવિવારે કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીરે ઓનલાઈન આતંકવાદી નેટવર્ક્સ પર કાર્યવાહીના ભાગ રૂપે સમગ્ર ખીણમાં દરોડા પાડ્યા હતા, જેમાં એક મહિલા સહિત નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી. આતંકવાદના ઓનલાઈન મહિમા અને યુવાનોના કટ્ટરપંથીકરણ અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતા, એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીર (CIK) ટીમોએ શ્રીનગર, કુલગામ, શોપિયા અને પુલવામા વગેરેમાં 10 ચોક્કસ સ્થળોને નિશાન બનાવ્યા હતા. "ઓનલાઈન આતંકવાદી નેટવર્ક્સ પર વ્યાપક કાર્યવાહીમાં, CIK એ આજે કાશ્મીર ખીણમાં સંકલિત દરોડા પાડ્યા હતા, જેનાથી ઉગ્રવાદ અને સાયબર દુરુપયોગ સામે નિર્ણાયક સંદેશ મળ્યો હતો," એમ પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. "સ્થાનિક પોલીસના સમર્થનથી હાથ ધરવામાં આવેલ આ મજબૂત કાર્યવાહી, હિંસા ભડકાવવા, રાષ્ટ્રવિરોધી પ્રચાર ફેલાવવા અને સાંપ્રદાયિક નફરતને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો દુરુપયોગ કરવાના આરોપ હેઠળના વ્યક્તિઓ પર કેન્દ્રિત હતી," તેમણે કહ્યું.

...અનુસંધાન પાના 2 પર

### જમ્મુ-કાશ્મીર કઠુઆમાં આતંકવાદી સાથે સંબંધો બદલ બે એસપીઓ બરતરફ

**જમ્મુ, તા. 9 (PTI).** જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આતંકવાદીઓ સાથેના કથિત સંબંધો બદલ બે સ્પેશિયલ પોલીસ અધિકારીઓ (એસપીઓ)ને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, એસપીઓ - અબ્દુલ લતીફ અને મોહમ્મદ અબ્બાસની અગાઉ આતંકવાદી પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, કઠુઆના વરિષ્ઠ પોલીસ અધિક્ષક મોહિતા શર્માએ તાત્કાલિક અસરથી બે એસપીઓને બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો. બંને પોલીસ અધિકારીઓ પર આતંકવાદીઓને ટેકો આપવાનો આરોપ છે.

## દિલ્હીમાં વધતા પ્રદૂષણ સામે ઇન્ડિયા ગેટ પર લોકોનું વિરોધ પ્રદર્શન



**બાળકો** સહિત વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોની પરવાનગી વગર ભેગા થવા બદલ અટકાયત

**મુખ્યમંત્રીએ** મુલાકાતનો સમય ન આપતા ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળવાની માગ ઉઠાવી

**નવી દિલ્હી, તા. 9 (PTI) :** રાષ્ટ્રીય રાજધાનીમાં હવાની કથળતી ગુણવત્તા સામે રવિવારે ઈન્ડિયા ગેટ પર બાળકો સાથે તેમનાં માતા-પિતા, પર્યાવરણ કાર્યકરો સહિત અનેક લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું અને પોલીસના જણાવ્યા અનુસાર, પરવાનગી વિના ભેગા થવા બદલ ઘણા લોકોની અટકાયત કરવામાં આવી હતી.

પ્રદર્શનકારો, જેમાં ઘણી માતાઓ બાળકો સાથે હતી, તેમણે જણાવ્યું હતું કે, તેઓ સ્વચ્છ હવા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક સરકારી પગલાં લેવાની માંગ કરવા માટે એકઠા થયા છે.

પર્યાવરણવાદી ભવરીન ખંડારીએ જણાવ્યું હતું કે, ''અમે અમારા ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળવા માંગીએ છીએ. અમે મુખ્યમંત્રી સાથે મુલાકાતનો સમય માંગ્યો હતો, પરંતુ અમને ના પાડી દેવામાં આવી. ઘણાં માતા-પિતા અહીં એટલા માટે આવ્યા છે કારણ કે તેમનાં બાળકો પીડાઈ રહ્યાં છે.''

ખંડારીએ કહ્યું, ''દર ત્રીજા બાળકને પહેલાથી જ ફેફસાં ખરાબ થઈ ગયા છે; તેઓ સ્વચ્છ હવામાં ઉછરતા બાળકો કરતાં લગભગ 10 વર્ષ ઓછું જીવશે.''

અભિષેક નામના અન્ય એક પ્રદર્શનકારીએ કહ્યું કે, સરકાર સ્વચ્છ હવા શ્વાસ લેવાનો મૂળભૂત

...અનુસંધાન પાના 2 પર

## જાપાનના કાંઠે શક્તિશાળી ધરતીકંપ: કેટલાક સ્થળે નાની સુનામીઓ દેખાઈ

ભૂકંપના ત્રણ કલાક પછી સુનામીની માર્ગદર્શિકા પાછી ખેંચી લેવાઇ

**ટોકિયો, તા. 9 (AP):** જાપાન હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે ઉત્તર જાપાનમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, ત્યારબાદ ઘણા વધુ આંચકા લાગ્યા હતા. સુનામીની માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી હતી.

જાપાન સમય મુજબ સાંજે 5:03 વાગ્યે ઈવાટે પ્રીફેક્ચરના દરિયાકાંઠે 6.9 ની તીવ્રતા અને 16 કિમી ઊંડાઈ સાથેનો ભૂકંપ આવ્યો હતો. કોઈ ઈજાઓ કે નુકસાનના અહેવાલ નથી. આ વિસ્તારમાં બે પરમાણુ પાવર પ્લાન્ટમાં અસામાન્યતાના પણ કોઈ અહેવાલ નથી. એજન્સીએ ઉત્તરી દરિયાકાંઠાના પ્રદેશમાં 1 મીટર સુધીની સુનામી માટે માર્ગદર્શિકા જારી કરી હતી, અને ત્યારબાદ કહ્યું હતું કે કેટલાક

...અનુસંધાન પાના 2 પર

**તા. ૦૯-૧૧-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૮° સે. | ૧૭.૦° સે. | ૩૭% |

### આંદામાન સમુદ્રમાં ૫.૪નો ભૂકંપ, જાનહાનિ કે નુકસાનના અહેવાલ નહીં

**પોર્ટ બ્લેર, તા. 9 (PTI):** રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું હતું કે રવિવારે આંદામાન સમુદ્રમાં 5.4 ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આંદામાન અને નિકોબાર ટાપુઓના

...અનુસંધાન પાના 2 પર

## મુનીરને સત્તાઓ આપવા સામે પાક.માં ઉગ્ર વિરોધ પ્રદર્શનો

**27મા** બંધારણીય સુધારામાં સુપ્રીમ કોર્ટની સત્તાઓમાં કાપ મૂકવાની અને રાષ્ટ્ર પ્રમુખને આજીવન ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપવા જેવી વિવાદાસ્પદ જોગવાઇઓ છે

**ઈસ્લામાબાદ, 9 નવેમ્બર (PTI).** પાકિસ્તાનની સંસદ પ્રસ્તાવિત 27મા બંધારણીય સુધારાને પસાર કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે વિપક્ષે આ પગલાને "બંધારણના પાયાને હચમચાવી નાખનાર ગણાવીને તેની ટીકા કરી છે અને રવિવારે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો શરૂ કરીને તેને વધુ ઉગ્ર બનાવવાની જાહેરાત કરી છે.

આ સુધારામાં કલમ 243 માં ફેરફારનો પ્રસ્તાવ છે, જેમાં ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી"

...અનુસંધાન પાના 2 પર